## સંક્ષિપ્ત સમાચાર

### નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ દ્વારા મતદાન જાગૃતિ આવે એ માટે પોસ્ટર અભિયાન



**દાહોદ :** નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ ના એન.એસ.એસ. એકમનાં સ્વયંસેવકો દ્વારા લોકસભા સામાન્ય ચૂંટણી - 2024 આવી રહી છે તે અન્વયે 132 - દાહોદ વિધાનસભા મતવિસ્તારમાં લોકોમાં મતદાન કરવાની જાગૃતા આવે અને વધુમાં વધુ લોકો મતદાન કરે એ હેતુથી પોસ્ટર અભિયાન હાથ ધરવાં આવ્યું હતું. આ અભિયાન અંતર્ગત સ્વયંસેવકો દ્વારા દાહોદ શહરેના કોલેજ કેમ્પસ, જાહેર સ્થળો બસ સ્ટેન્ડ, રેલ્વે સ્ટેશન એરિયા તેમજ બજારમાં વિવિધ સ્થળો એ મારો મત મારી તાકાત, હું મતદાન કરીશ અને કરાવીશ જેવા વિવિધ સ્લોગનો ના પોસ્ટર બનાવી લગાવમાં આવ્યા હતા અને નગરજનો અને ગ્રામજનો ને લોકશાહીના હતી માટે મતદાન કરવું જોઈએ એવો સંદેશો આપી મતદાન જાગૃતિ અભિયાન હાથ ધરી સ્વયંસેવકો દ્વારા એક અનોખો પ્રયાસ કરવામાં આવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું આયોજન કર્યાકારી આચાર્ય ડો. જી. જે. ખરાદી ના માર્ગદર્શન હેઠળ એન. એસ. એસ. પી. ઓ. ડો. એસ. એ. પટેલ અને શ્રી. નીલ પટેલ દ્વારા કરવમાં આવ્યું હતું.

### સિંગવડ તાલુકાના હીરાપુરા-સરજુમી ગામમાં ઉંચા અવાજે ડી.જે. વગાડતા પોલીસ કાર્યવાહી



**સિંગવડ :** સિંગવડ તાલુકાના રણધીપુર પોલીસ દ્વારા ઉંચા અવાજે વગાડતા ત્રણ ડીજે ગામડામાં વગાડતા હતા અને ગામડાઓમાં લોકોને રાત્રી સમયે તકલીફો ઉઠાવી પડતી હોય છે જ્યારે ડી.જે.ના જે સરકાર દ્વારા નક્કી કર્યા મુજબના અવાજ થી વગાડવામાં આવે તો કોઈપણ પ્રકારે તેની કોઈ અસર થાય તેમ નથી પરંતુ આ ડીજે ઊંચા આવજે વગાડવાના લીધે તેના અવાજ ઘણો વધારે રાખવાથી લોકોને હાનિ પહોંચતી હોય છે જ્યારે આ ગઈ રાત્રે હીરાપુર તથા સરજુમી ગામે પણ ખૂબ ઊંચા અવાજે ડીજે વગાડતા હોવાના લીધે કોઈક લોકો દ્વારા રણધીપુર પોલીસને જાણ કરાતા રણધીપુર પોલીસ સ્ટેશનના પીએસઆઇ જીઇબી રાઠવા દ્વારા તે જગ્યાએ જઈને જોતા ખૂબ અવાજ અને સરકારના નક્કી કર્યા કરતા વધારે હોવાથી ડીજે વગાડતા ત્રણ ડીજે ને પકડી લાવીને તેમના સામે કાયદેસરની કાર્યવાહી કરી ડીટેઇન કરીને આરટીઓનો મેમો આપવામાં આવ્યા હતા.

### ધાનપુરના કાળાખુંટ ગામે દેશી-વિદેશી દારૂની હાટડી પર પોલીસના દરોડા :૬૮ હજારનો દારૂ ઝડપ્યો

**દાહોદ :** દાહોદ જિલ્લાની ધાનપુર પોલીસે કાળાખુંટ ગામે સરપંચ ફળિયામાં રહેતા બુટલેગરના રહેણાંક મકાનમાં ધમધમતી વિદેશી દારૂની હાટડી પર સવારના સમયે ઓચિંતી પ્રોહી રેડ પાડી ? ૬૮,૦૦૦ ઉપરાંતની કિંમતનો વિદેશી દારૂનો જથ્થો પકડી પાડી કબજે લીધાનું સત્તાવાર રીતે જાણવા મળ્યું છે. કાળાખુંટ ગામના સરપંચ ફળિયામાં રહેતા છગનભાઈ સનુભાઈ મીનામા નામના બુટલેગરના કબજા ભોગવટાના રહેણાંક મકાનમાં ધમધમતી વિદેશી દારૂની હાટડીમાં વિદેશી દારૂનો મોટો જથ્થો હોવાની ધાનપુર પોલીસને ગુપ્ત બાતમી મળી હતી. જે બાતમીને આધારે ધાનપુર પોલીસે ગત સવારે આઠેક વાગ્યાના સુમારે બાતમીમાં દર્શાવેલ કાળાખુંટ ગામે સરપંચ ફળિયામાં રહેતા છગનભાઈ સનુભાઈ મીનામાં નામના બુટલેગરના કબજા ભોગવટાના રહેણાંક મકાનમાં ઓચિંતી પ્રોહી રેડ પાડી હતી. તે વખતે બુટલેગર છગનભાઈ પોતાના ઘરે હાજર ન હોવાથી પોલીસ તેની અટકાયત કરી શકી ન હતી.

### દેવગઢબારિયા તાલુકામાં આઇસર ટ્રકે સામેથી આવતા બાઇકને અડફેટમાં લઈ અકસ્માત સર્જ્યો

**દેવગઢબારીયા :** લીમખેડા તાલુકાના પરપટા ગામના ત્રણ યુવાનો ગત ૨૩મી માર્ચના રોજ દેવગડ બારીયા ખાતે આવેલ અવંતી મંદિરે દર્શન કરવા અર્થે બારીયા તરફ આવી રહ્યા હતા. દરમિયાન અંતેલા ગામે મોડલ સ્કૂલ પાસેના વળાંક પાસેથી પસાર થતા સામેથી પુરપાટ દોડી આવેલ સફેદ કલરના કેબિન વાળા બોડી વગરની આઇસર ટ્રકે યુવાનોના મોટર બાઇકને પાછલા ટાયરથી અડફેટમાં લેતા અકસ્માત સર્જાયો હતો. સર્જાયેલા અકસ્માતમાં પરપટાના અલ્પેશ રવિસિંહ બારીયા, ભારત રચલા બારીયા તેમજ કૌશિક મુકેશ બારીયાના શરીરે નાની મોટી ઇજાઓ થતા પ્રથમ દેવગઢબારિયા સરકારી દવાખાને સારવાર અર્થે ખસેડાયા હતા. જ્યારે ભારતના માથામાં ગંભીર ઇજાઓ પહોંચતા દાહોદ ખાતે વધુ સારવાર અર્થે ખસેડવાની ફરજ પડી હતી. ઘટના સંદર્ભ અલ્પેશ ની ફરિયાદના આધારે દેવગઢ બારીયા પોલીસે ટ્રક ચાલક વિરોધ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### કાનોડમા બાઇક ચાલકે વૃદ્ધાને અડફેટે લેતા ઇજાગ્રસ્ત, ચાલક બાઇક મૂકી ફરાર

**કાલોલ :** કાનોડ બસ સ્ટેન્ડ વાળા ફળિયામાં રહેતા જશીબેન મંગળભાઈ ચૌહાણ ઉ વ ૬૦ ગત ૨૪/૦૩ ના રોજ સાંજના સમયે રોડ ક્રોસ કરી પોતાના ઘરેથી પાણી ભરવા માટે બાલટી લઈને ગયા હતા ત્યાંથી પરત ફરતા રોડ ક્રોસ કરતા હતા તે સમયે એક મોટરસાયકલ ચાલકે પોતાનું વહન ગફલત ભરી રીતે હંકારી રોડ ક્રોસ કરતા વૃદ્ધાને ટક્કર મારી જતા તેઓને હાથે મોઢા પર આંખો પર ઇજાઓ કરી હતી અકસ્માત કર્યા બાદ મોટરસાયકલ ચાલક પોતાનું વાહન સ્થળ ઉપર મૂકી નાસી ગયો હતો 108 મારફતે ઈજાગ્રસ્ત ને ગોધરા ખાનગી દવાખાને દાખલ કરવામાં આવ્યા હતા.

---

**બે આરોપીઓ વિરુદ્ધ એફ.આઈ.આર દાખલ કરાઈ**

## ફતેપુરાના મારગાળાની શ્રમિક મહિલાની નાણાંની લેવડ-દેવડ બાબતે હત્યા કરાઈ

**હત્યારાઓમાં** એક ફતેપુરા તાલુકાના સાગડાપાડાનો જ્યારે બીજો આરોપી રાજસ્થાનના ગાંગડ તલાઇ તાલુકાના ગણેશપુતરા ગામનો



(પ્રતિનિધિ) સુખસર,તા,2

ફતેપુરા તાલુકાના મારગાળા ગામના શ્રમિક લોકો ગત પચ્ચીસેક દિવસ અગાઉ વિજાપુર તાલુકાના હસ્નાપૂર ખાતે ઘઉં કાપવાની મજૂરી કામે ગયેલ હતા. જ્યાં મજૂરી કામના નાણાંની લેવડદેવડ બાબતે બોલાચાલી થતા એક સમયે મહિલાને માથામાં લાકડાનો ફટકો મારતા ઘટના સ્થળે જ મહિલાનું મોત નીપજવા પામેલ હોવાનું જાણવા મળે છે હત્યામાં સંડોવાયેલા બંને આરોપીઓની ધરપકડ કરી મૃતક મહિલાની લાશનુ વિજાપુર સિવિલ હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ બાદ લાશનો કબજો તેમના વાલી વારસો ને સોંપી લાડોલ પોલીસ સ્ટેશન દ્વારા બંને આરોપીઓની ધરપકડ કરી આગળની તપાસ હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળે છે. જાણવા મળેલી વિગતો મુજબ ફતેપુરા તાલુકાના મારગાળા ગામના લીમઘાટી ફળિયાથી ઘઉં કાપવાની મજૂરી કામ અર્થે શ્રમિક લોકો મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકાના હસ્નાપુર ખાતે ગયેલા હતા. જેમાં ભાભોર લલીબેન રાકેશભાઈ ઉંમર વર્ષ આશરે 40 ના ઓ પણ મજૂરી કામે ગયા હતા.અને જ્યાં મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકાના હસ્નાપુર ખાતે રહેતા પટેલ ભરતભાઈ બેચરભાઈ ના કુવા ઉપર રહી મજૂરી કામ કરતા હતા.જેમાં ફતેપુરા તાલુકાના સાગડાપાડા ગામના રાજુભાઈ બાબુભાઈ બારીયા નાઓ પણ ઘઉં કાપવાની મજૂરી કામ કરતો હતો.અને મજૂરીકામ પૂર્ણ થતા હવે મજૂરી કામના નાણાંનો હિસાબ કરવાનો બાકી હતો. ત્યારે સોમવાર રાત્રિના નવેક વાગ્યાના અરસામાં રાજુ બાબુ બારીયા તથા કમલેશ કાંતિ ગરાસીયા નાઓ જ્યાં મજૂરો રહેતા હતા ત્યાં કુવા ઉપર જઈ બિભીત્સ ગાળો આપી રાજુ બારીયા જણાવતો હતો કે,અમારી મજૂરી કામના નાણા આપી દો,નહીં તો તમને મારી નાખીશું ની ધમકીઓ આપી બિભીત્સ ગાળો આપી તકરાર કરવા લાગેલ.જેથી લલીબેન ભાભોરે ગાળો બોલવાની ના પાડતા કમલેશ કાંતિ ગરાસીયા એકદમ ઉશ્કેરાઈ જઈ તેના હાથમાં લાકડું લઈ લલીબેનના માથામાં જોશભેર મારતા લલીબેન લોહી લુહાણ થઈ જમીન ઉપર ફસડાઈ પડેલ. અને તેઓને તાત્કાલિક 108 એમ્બ્યુલન્સ દ્વારા વિજાપુર સિવિલ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા.જ્યાં ફરજ ઉપરના તબીબે લલીબેન ભાભોર ને મૃત જાહેર કર્યા હતા.

ઉપરોક્ત બાબતે મૃતક લલીબેન ભાભોરના પુત્ર સુભાષભાઈ રાકેશભાઈ ભાભોર નાઓએ લાડોલ તા.વિજાપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપતા કમલેશ કાંતિભાઈ ગરાસીયા રહે. ગણેશપૂતરા તા.ગાંગડતલાઈ,જી. બાસવાડા રાજસ્થાન તથા રાજુ બાબુભાઈ બારીયા રહે,સાગડાપાડા,તા. ફતેપુરા જી. દાહોદના ઓની વિરુદ્ધમાં હત્યાનો ગુનો દાખલ કરી આ બંને આરોપીઓની ધરપકડ કરી જેલના સળિયા પાછળ ધકેલી દઈ લાશના પી.એમ બાદ લાશનો કબજો તેમના વાલી વારસોને સોંપી તપાસ હાથ ધરી છે.

### દાહોદના ગોદી રોડ પર મકાનમાંથી ચોરીનો નિષ્ફળ પ્રયાસ

( પ્રતિનિધિ ) દાહોદ,તા,2

દાહોદ શહેરના ગોદી રોડ વિસ્તારમાં સાયકા એપાર્ટમેન્ટની પાછળના ભાગે આવેલી એક સોસાયટીમાં બે મકાનોમાં તસ્કરોએ ચોરીનો પ્રયાસ કર્યો હતો ત્યારે ચોરીના પ્રયાસ દરમ્યાન એક મકાનના પરિવારજનો જાગી ગયાં હતાં અને અવાજ કરતાં તસ્કરો પરિવારજનોનો અવાજ સાંભળતા નાસી ગયાં હતાં. ત્યારે સમગ્ર ઘટના વિસ્તારમાં લાગેલ સીસીટીવી કેમેરામાં કેદ થઈ જવા પામી હતી અને આ અંગે સ્થાનીક પોલીસને જાણ કરવામાં આવતાં પોલીસ પણ દોડી આવી હતી ત્યારે રમજાન ચાલી રહ્યો છે ત્યારે વ્હોરા તેમજ મુસ્લીમ સમાજના લોકો નમાજ માટે મસ્જીદમાં જતાં હોય છે. સમગ્ર મામલે પોલીસ દાહોદ શહેરમાં પેટ્રોલીંગ સઘન બનાવી આ બનાવમાં સંડોવાયેલ તસ્કરોને ઝડપી પાડવા માંગ ઉઠી છે.

---

**બાઇક સવાર ઇસમને સારવાર અર્થે ખસેડાયો**

## ગરબાડાના નળવાઈ ગામે બાઈક અકસ્માતમાં એકનુ મોત

( પ્રતિનિધિ ) ગરબાડા,તા,2

દાહોદ જિલ્લાના ગરબાડાના નળવાઈ ગામે બે મોટરસાયકલ સામસામે અથડાતા સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં એકનું સ્થળ પર જ કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું. જ્યારે બે જણાને ગંભીર ઈજાઓ થતા તેઓને સારવાર અર્થે ગરબાડા સરકારી દવાખાને ખસેડવામાં આવ્યા છે. એક અપાચી મોટરસાયકલના ચાલકે તેના કબજાની અપાચી મોટરસાયકલ ગત રાતના આઠેક વાગ્યાના સમારે પુર ઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લઈ આવી નળવાઈ ગામે રોડ પર સામેથી આવતી પાટિયા ગામના દિતિયાભાઈ ગલાભાઈ ભુરીયાની મોટરસાયકલ સાથે સામેથી ધડાકા ભેદ અથડાતા સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં દીતીયાભાઈ ગલાભાઈ ભુરીયાને માથામાં તેમજ શરીરે ગંભીર જીવલેણ ઈજાઓ થતા તેનું સ્થળ પર જ કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું. જ્યારે દીતીયાભાઈની મોટરસાયકલની પાછળ બેઠેલ પાટીયા ગામના સુનિલભાઈ નિલેશભાઈ ભુરીયાને કપાળમાં ડાબી બાજુ, ડાબી આંખની બાજુમાં તથા જમણા પગના ઢીંચણના ભાગે ઈજાઓ થવા પામી હતી. તેમજ અપાચી મોટરસાયકલના ચાલકને પણ શરીરે ઓછી વધતી ઈજાઓ થવા પામી હતી. ઘટનાની જાણ થતા જ ગરબાડા પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી. અને મરણ જનાર દિતીયાભાઈ ભુરીયાની લાશનું પંચો રૂબરૂ પંચનામું કરી લાશને પોસ્ટ મોર્ટમ માટે ગરબાડા સરકારી દવાખાને મોકલી આપી હતી.

### ઝાલોદના લીમડીમાં દબાણ કર્તાઓને નોટિસ

( પ્રતિનિધિ ) દાહોદ,તા,2

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના લીમડી નગરમાં ગેરકાયદેસર દબાણ કર્તાઓને સ્થાનીક વહીવટી તંત્ર દ્વારા નોટીસ ફટકારવામાં આવી છે અને ટુંક સમયમાં ગેરકાયદેસહ દબાણો દુર કરવા માટે નાના, મોટા વેપારીઓને પોત પોતાના ગેકાયદેસર દબાણો દુર કરી દેવાની સુચનાઓ આપી હોવાનું જાણવા મળે છે.

ઝાલોદના લીમડી નગરમાં અવાર નવાર સ્થાનીક વહીવટી તંત્ર તેમજ આર એન્ડ બી વિભાગ દ્વારા લીમડી નગરમાં ગેરકાયદેસર દબાણકર્તાઓને નોટીસો ફટકારવામાં આવતી હોય છે પરંતુ દુકાનદારો દ્વારા ગેરકાયદેસર દબાણો હટાવવામાં આવતાં નથી ત્યારે ગત તા.૩૦મી માર્ચના રોજ સ્થાનીક વહીવટી દ્વારા પુનઃ દુકાનદારોને નોટીસો ફટકારવામાં આવી છે.

---

**પ્રાંત અધિકારીએ શિક્ષક સામે ખાતાકીય તપાસ માટે TPO ને હૂકમ**

## દાહોદમાં મહિલા નાયબ મામલતદાર સાથે મુખ્ય શિક્ષકે ગેરશિસ્ત કરતાં કાર્યવાહીનો આદેશ

**વારંવાર** ટકોર કરવા છતાં મહિલા નાયબ મામલતદાર સમક્ષ ઉદ્ધાઇભર્યુ વર્તન કરતો હતો

**આરોપી** વિરુદ્ધ શિક્ષાત્મક કાર્યવાહી કરવા માંગ ઉઠવા પામી

( પ્રતિનિધિ ) દાહોદ,તા,2

દાહોદ શહેરની સરકારી ઈજનેરી કોલેજમાં યોજેલી લોકસભા અંતર્ગત ચૂંટણીની તાલીમમાં દાહોદની એમ એન્ડ પી હાઈસ્કૂલના મુખ્ય શિક્ષક દ્વારા મહિલા નાયબ મામલતદાર સાથે ગેરશિસ્ત કર્યાની ગંભીર નોંધ લેવાઈ હતી.

દાહોદ પ્રાંતે આ મામલે તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીને ખાતાકિય તપાસ ચાલુ કરવા સાથે શિક્ષાત્મક કાર્યવાહીનો લેખિત આદેશ કરતા શિક્ષણ આલમ માં ખળભળાટ મચી જવા પામ્યો છે લોકસભાની ચૂંટણી સંદર્ભે તાલીમ રાખી હતી.

આ તાલીમમાં ગયેલા દાહોદના ગોવિંદ નગરની એમ એન્ડ પી કુમાર શાળાના મુખ્ય શિક્ષક ગીરીશ પટેલે સ્થળ પર ગેરશિસ્ત કરી હોવાના મામલે દાહોદના પ્રાંત અધિકારી એન.બી રાજપુતે દાહોદના તા. પ્રા. શિક્ષણાધિકારી જે.ડી અમૃતિયાને પાઠવેલા પત્રમાં જણાવાયું છે કે, મહિલા નાયબ મામલતદાર સાથે ગેરશિસ્ત કરતાં મુખ્ય શિક્ષક ગિરીશ પટેલને વારંવાર ટકોર કરવા છતાં મહિલા નાયબ મામલતદાર સમક્ષ ઉદ્ધાઈભર્યુ એક સરકારી કર્મચારીને ન છાજે તેવું વર્તન કર્યુ હતું. જે ખુબજ ગંભીર બાબત છે. જેથી તેઓ સામે એક સરકારી કર્મચારીને ન છાજે તેવું વર્તન કરવા બદલ સેવા શિસ્ત અપીલના નિયમો 1971 હેઠળ શિસ્ત ભંગ બદલ શિક્ષાત્મક કાર્યવાહી કરવાની થાય છે.

જે શિક્ષાત્મક કાર્યવાહી કરવી અને કાર્યવાહીનો અહેવાલ પાઠવવો. જો તેમ કરવામાં ચૂક કરશો તો તા. પ્રા. શિક્ષણાધિકારી વિરૂદ્ધ પણ કાર્યવાહીની ફરજ પડશે . તે પ્રકારની કારણ દર્શિત નોટિસ સાથે એક નકલ કલેક્ટર અને જિલ્લા ચૂંટણી અધિકારી દાહોદની પણ મોકલી આપતા ગીર શિસ્ત કરનાર શિક્ષકની સામે કેવા પગલાં લેવાય છે તે આવનાર સમય કહેશે....


---

**ન કોઈ તાળા તૂટયા ન કોઈ વસ્તુ વેરવિખેર થઇ છતાય ચોરી થઇ**

## ઝાલોદ નગરમાં મકાનમાંથી અંદાજીત 11 થી 12 લાખના મુદ્દામાલની ચોરી

( પ્રતિનિધિ ) દાહોદ,તા,2

ઝાલોદ નગરના મીઠાચોક વિસ્તારના વાવડી ફળિયામાં વણિક સમાજની જમણવાડીની સામે રહેતા બીપીન શાહ ગત સોમવારના રોજ પોતાના પારિવારિક કામ અર્થે પોતાના પરિવાર સાથે બહારગામ ગયેલ હતા અને ઘરમાં ફક્ત તેમના પુત્રની ધર્મપત્ની રોકાયેલ હતી. પુત્રની ધર્મપત્ની ઘરમાં એકલા હોવાથી તેઓ ઘરના કામકાજ પતાવી નજીકમાં તેમના કાકા સસરા આનંદ શાહના ઘરે પોતાના મકાનને તાળુ મારીબપોરે અંદાજીત બે વાગે ગયેલ હતા. ત્યારબાદ બહારથી થાકેલા આવેલ હોવાથી ઘરે



આવીને સુઈ ગયેલ હતા.

સવારે ઉઠ્યા પછી નજર તિજોરી પાસે સોનાનો મંગળસૂત્ર બહાર પડેલો નજર પડતાં તેઓએ તિજોરી ખોલી હતી. તિજોરી ખોલતા દરેક વસ્તુ જેમ હતી તેમ જ ગોઠવેલ હતી તેમજ ઘરમાં કોઈ પણ વસ્તુ વેરવિખેર પડી હોય તેવું લાગ્યું ન હતું તેમજ ઘરમાં પ્રવેશવાના મુખ્ય રસ્તા પર પણ તાળું મારેલ હતું અને તેઓ રાત્રી દરમ્યાન આવ્યા ત્યારે તાળું ખોલીને ઘરમાં પ્રવેશ કર્યો હતો. ઘરમાં કોઈ પણ વસ્તુ વેરવિખેર કે અસ્તવ્યસ્ત ન હોવાથી ચોરી ક્યારે થઈ તેવી ખબર પડેલ ન હતી. ઘરમાં તિજોરીનો બહાર પડેલ સોનાની રકમ પરથી ચોરીની શંકા જતા તેઓએ તિજોરી ખોલતા અંદરથી તમામ સોનાની જ્વેલરી જેની અંદાજિત કિંમત 6 થી 7 લાખ છે તેમજ બે દિવસ પહેલા એક મકાન નું બાનાખત કર્યું હતું તે પેટે પાંચલાખ રૂપિયા તેમને મળ્યા હતા .તે પણ મળેલ ન હતા. આમ સોનાની રકમ અને રોકડા રૂપિયા મળી અંદાજીત અગિયાર થી બાર લાખની ચોરી થઈ હોવાનુ માલુમ પડ્યુ હતુ.

### દાહોદ જિલ્લા ચૂંટણી અધિકારી લીમખેડની મોડેલ સ્કૂલની મુલાકાતે

( પ્રતિનિધિ ) દાહોદ,તા,2

દાહોદ જીલ્લા ચુંટણી અધિકારી દ્વારા જીલ્લાની ચુંટણી અંગેની વ્યવસ્થાઓનુ નિરીક્ષણ કરવામા આવી રહ્યુ છે, ચુંટણી પ્રક્રિયા દરમિયાન કોઈ પણ પ્રકારની ક્ષતિ ના રહી જાય તેની તકેદારીના ભાગરૂપે લીમખેડાના મોડેલ સ્કૂલ ખાતે આવેલા રીસીવિંગ અને ડિસ્પેચિંગ સેન્ટરની જિલ્લા કલેકટર અને ચૂંટણી અધિકારી યોગેશ નિરગુડેએ મુલાકાત લીધી હતી. મુલાકાત દરમિયાન જીલ્લા પોલીસ વડા ડો. રાજદીપસિંહ ઝાલા, ઉપસ્થિત રહ્યા હતા, અને સેન્ટર પર ઉપલબ્ધ આવશ્યક સુવિધાઓ બાબતે જાત નિરિક્ષણ કર્યું હતું અને સૂચનો કર્યા હતા. આ મુલાકત દરમિયાન પ્રાંત અધિકારી બી.જી નિનામા, લીમખેડા મામલતદાર, સહિત અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ગરબાડા SBI બેંક અને ATMમાં કેશ ન હોવાના કારણે હાલાકી

( પ્રતિનિધિ ) દાહોદ,તા,2

દાહોદ જિલ્લો એ આદિવાસી બાહુલ્ય ધરાવતો જિલ્લો છે, આદિવાસી સમાજમાં હોળીના તહેવારનું એક વિશેષ મહત્વ છે. આદિવાસી સમાજના લોકો હિજરત કરી રાજયના જુદા જુદા શહેરોમાં મજૂરી કામ અર્થે જતાં રહે છે. પરંતુ હોળીનો તહેવાર આવતા આદિવાસી સમાજના લોકો માદરે વતન આવતા હોય છે.

હોળીનો તહેવાર પૂરો થતાં આદિવાસી સમાજમાં હાલ લગ્નની સિઝન ચાલુ હોવાના કારણે આદિવાસી સમાજ, વેપારી વર્ગ સહિત તમામ લોકોને લેવડ દેવડ કરવા માટે નાણાંકીય જરૂરિયાત પડતી હોય છે. હાલ લગ્નની સિઝન ચાલતી હોવાના કારણે લોકોને ખુબજ નાણાંકીય



જરૂરીયાત પડે છે. જેના માટે દરેક લોકોને, વેપારીઓને બેંક તેમજ ATM નો સહારો લેવો પડતો હોય છે. પરંતુ ગરબાડામાં એક માત્ર રાષ્ટ્રીયકૃત બેંક “સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા” આવેલી છે.

ગરબાડામાં સ્ટેટ બેંક અને બેંક બહાર મૂકવામાં આવેલ SBI ના ATM ઉપર અવાર નવાર ટેકનિકલ ઈસ્યુના બહાને નાણાંકીય લેવડ દેવડ બંધ કરી દેવામાં આવે છે. તો બીજી તરફ બેંક શાખામાંથી પણ ગ્રાહકોને પૂરતા નાણાં આપવામાં આવતા નથી. બેંકમાં રોકડ રકમ નથી, લેવડ-દેવડ કામકાજ બંધ છે...

---

**મસમોટી મતાની ચોરી થતાં આસપાસના રહીશોમાં ભયની લાગણી વ્યાપી ગઇ**

## હાલોલમાં બસસ્ટેશન નજીક સોસાયટીના મકાનમાંથી 1.85 લાખની મતા ચોરાઈ

( પ્રતિનિધિ ) હાલોલ,તા,2

હાલોલ નગરના બસ સ્ટેશન પાસે આવેલ વિઠ્ઠલ નગર સોસાયટીના મકાન નંબર 17 માં રહેતા અને હાલોલના મુખ્ય બજારમાં મસ્જિદ પાસે ફૂટવેરની દુકાન ચલાવતા રાજેન્દ્ર પ્રસાદ ચંદુલાલ શાહ ગઈકાલે રવિવારે સાંજના સુમારે પોતાની દુકાને હતા જ્યારે તેઓના પત્ની આશાબેન રાજેન્દ્ર પ્રસાદ શાહ નિત્યક્રમ મુજબ સાંજના સુમારે તેઓની દુકાને ચા લઈને આવ્યા હતા તે સમયે સાંજના 6:30 કલાકના સુમારે તેઓના પડોશીનો ફોન આવ્યો હતો કે તેઓનું ઘર ખુલ્લું છે અને બધા પંખા ચાલુ છે

જે સાંભળી રાજેન્દ્ર પ્રસાદ તથા આશાબેન તાત્કાલિક પોતાના વિઠ્ઠલ નગર ખાતેના મકાન ખાતે દોડી આવ્યા હતા જ્યાં આવીને જોઈ બંને પતિ પત્ની હેતબાઈ ગયા હતા જેમાં મુખ્ય દરવાજાનો નકુચો તુટેલ હાલતમાં હતો અને ઘરની અંદરનો તમામ સામાન વેરવિખેર હતો જ્યારે ઘરના રૂમમાં આવેલી તિજોરી પણ ખુલ્લી હાલતમાં હતી જેમાં તેઓએ તિજોરીમાં તપાસ કરતાં સોના ચાંદીના દાગીના તેમજ રોકડ રકમ ગાયબ હતી જેમાં સાંજના 5:30 કલાકથી લઈ 6:30 કલાક દરમ્યાન આશાબેન પોતાના ઘરને બંધ કરીને દુકાને ચા લઈને ગયા હતા તે દરમ્યાન આ એક કલાકના સમયગાળા દરમ્યાન કોઈક અજાણ્યા ચોર ઈસમ કે ઈસમોએ ઘરમાં ઘૂસી બંધ ઘરનો લાભ ઉઠાવી ઘરમાં પ્રવેશ્યા હતા અને મુખ્ય દરવાજાનો નકુચો તોડી ઘરનો સામાન ફેદી નાખી તિજોરીનું લોક તોડી તિજોરીમાં મુકેલ સોના ચાંદીના વિવિધ દાગીના જેની કિંમત 1,75,000/- રૂપિયા તથા રોકડ રકમ 10,000/- રૂપિયા મળી કુલ 1,85,000/- રૂપિયાની માલમત્તાની ચોરી કર ફરાર થઈ ગયા હતા.

**48,000 ના વિદેશી દારૂ સાથે અટકાયત**

## દેવગઢબારિયા તાલુકાના સાગટાળા પોલીસે જામરણમાંથી ખેપિયો ઝડપ્યો

( પ્રતિનિધિ ) દેવગઢબારીયા,તા,2

દેવગઢબારીયા તાલુકાના સાગતાલા પોલીસને ખાનગી રહે બાતમી મળતા જામરણ ગામના જંગલમાં ચીલા રસ્તા પર આડસ મૂકી વોચ રાખી હતી. દરમિયાન બાઈક પર લગડુ બનાવી 48000 રૂપિયાના અલગ અલગ બ્રાન્ડનો દારૂ ની ખેપ મારી રહેલા બુટલેગરને પોલીસે પૂછપરછ કરતા અલીરાજપુરના કઠીવાડા તાલુકાના કાચલા ગામના હિન્દુ ઉર્ફે ઈન્દુ પુનીયા તોમર પાસેથી દારૂ ખરીદી શીંગળાજાના ગિરીશ ફરમ નાયક પોતાની મોટરસાયકલ GJ23BS8956 પર લગડું બનાવી દારૂ ભરી માંડવ ગામના નવા ફળિયામાં રહેતા અર્જુન મનુ બારીયા ને આપવા જતો હોવાનું બહાર આવ્યું હતું. પોલીસે ત્રણેય બુટલેગરો વિરુદ્ધ ગુનો દાખલ કરી કાર્યવાહી હાથ ધરી છે.